**<u>અમદાવાદના મહેરબાન એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.ર સમક્ષ.</u>**

## ફોજદારી કેસ નં.૫૧૫/૨૦૦૦

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ: ૧.પોપટજી કાનાજી ઠાકોર, ૨. મહેન્દ્રસિંહ રતનસિંહ ચૌહાણ, ૩.ધર્મેન્દ્રસિંહ ભીખુસિંહ ચાવડા, ૪.પ્રવિણસિંહ બબાજી ઠાકોર, ૫.મોકસેન્દ્ર જયરામભાઈ વ્યાસ, ૬.નરેન્દ્રસિંહ વિમલસિંહ ચાવડા

**<u>ઠરાવ</u>**

**૧.** સદર કામનું રેકર્ડ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ ઉપર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૬, ૧૪૭, ૧૪૯, ૪૨૭ તથા પ્રિવે.ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ–૩(૨) મુજબનો ગુનો નોંધાતા આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આવતા આરોપીને સમન્સની બજવણી કરવામાં આવેલ અને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

**૨.** આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે તેમજ તેઓએ અલગથી કબુલાત પુરસીસ પણ આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે, ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે, કાયદાની અજ્ઞાનતાને લીધેલ અજાણતાથી ગુનો થયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુનો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓને હળવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

**૩.** આરોપી ધ્વારા આપવામાં આવેલ કબુલાત સ્વૈચ્છીક હોવાનું ખરાઈ કરતા જણાઈ આવે છે તેમજ આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરતા હોવાનું પણ ફલીત થાય છે. આ તબકકે અત્રેની કોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખે છે, જેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે, તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે, આરોપીની સામાજીક તેમજ આર્થિક પરીસ્થિતીને ધ્યાને લેતા તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને તકસીરવાન ઠરાવી યોગ્ય રકમનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયી રહેશે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુકમ ::–</u>**

ફોજદારી કાયરીતિ સંહિતાની કલમ – ૨૫૨ અન્વયે મથાળે દર્શાવેલ આરોપીઓને ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૬, ૧ ૪૭,૧૪૯, ૪૨૭ તથા પ્રિવે.ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ–૩(૨) મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી દરેક આરોપીને **રૂપિયા.૨,૦૦૦/– (બે હજાર પુરા) લેખે એમ મળીને કુલ રુપિયાઉ ૧૨,૦૦૦/– (બાર હજાર) પુરાનો** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો આરોપીને **દિન–૦૭ (સાત)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી લોક અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૯/૯/૨૦૨૩

(પવનકુમાર એન.નવીન)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨ , અમદાવાદ.(કોડ જીજે ૦૦૭૫૮)